ફરીયાદ રજૂ તારીખ :– ૩૧–૦૧–૨૦૨૬
ફરીયાદ દાખલ તારીખ :– ૩૧–૦૧–૨૦૨૬
ફરીયાદ નિકાલ તારીખ:– ૦૧–૦૭–૨૦૨૬
સમય અવધિ :– વર્ષ માસ દિવસ

==========================================

**મે.ઝાલોદના સેકન્ડ એડીશ્નલ સીનીયર સિવિલ જજ અને એડી. ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.ઝાલોદ.**

==========================================

**ક્રિમીનલ કેસ નંબર : ૪૭૪/૨૦૨૬**

**આંક :**

**ફરિયાદી : શ્રી સરકાર,**

**વિરૂધ્ધ**

**આરોપીઓ :** (૧) નરસીંગભાઈ કલજીભાઈ મકવણા.

(૨) જેમાલભાઈ બચુભાઈ મકવાણા.

(૩) હરસીંગભાઈ કલજીભાઈ મકવાણા.

ત્રણેય રહે.દાંતીયા,તા.ઝાલોદ.

**ગુન્હો : ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૧૫(૨),૩૫૧(૪), ૨૯૬, ૩૫૨, ૫૪ મુજબ.**

==========================================

શ્રી સરકાર તરફે વિદ્ધાન એડીશનલ પબ્લીક પ્રોસીકયુટર શ્રી ડી.એમ.પ્રજાપતિ.
આરોપીપક્ષ તરફે વિદ્ધાન વકીલ શ્રી એમ.એમ.વહોનીયા.

==========================================

**–: ચુ કા દો :–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદ દિનેશભાઈને આરોપી નં.૧ નાએ તમો ગાદી કેમ અલગ કરવા દેતા નથી તેમ કહી ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને લાકડી મારી ઈજા કરી તેમજ આરોપી નં .૨ નાએ સાહેદોને ફોન કરી તમે મહારાજ સાથે કેમ ફરો છો તમારા પણ હાથ

પગ તોડી નાખીશુ અને તમારા પણ હાથ પગ તોડી નાખીશુ અને તમને પણ માર પડશે તેવી ધમકી આપી તેમજ આરોપી નં.૩ નાએ ફરીયાદીને જાહેરમા ન સંભળાય તેવી બીભત્સ ગાળો હાથ પગ તોડી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૩૫૧(૪), ૨૯૬,૩૫૨, ૫૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે જે અંગેની ફરીયાદ ફરીયાદીએ અત્રેની કોર્ટમા આપેલ છે.

(૨) આ કામના આરોપીઓ વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ/વોરંટ કરતા આરોપીઓ હાજર થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કર્યા બાદ આંક–૦૪ થી આરોપીઓ પર તહોમતનામું ફરમાવવામાં આવેલ, જે અન્વયે આંક–૦૫ થી આંક–૦૭ સુધી પ્લી લેવામાં આવતાં આરોપીઓએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવા :–**

| | | | |
|---|---|---|---|
| (૧) | ફરિયાદી | નટવરભાઈ કનુભાઈ અમલીયાર | આંક–૧૦ |

**(બ) દસ્તાવેજી પુરાવા :–**

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદ | આંક–૧૧ |
| (૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આંક–૧૨ |
| (૪) | મુદ્દામાલ રીકવરી પંચનામુ | આંક–૧૩ |

(૪) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૪ થી કલોઝીંગ પુરસીસ આપી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે જેથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન

લેવા લાયક પુરાવો પડેલ ન હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) બન્ને પક્ષે દલીલો સાંભળી.

(૭) સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના ફરીયાદી તથા સાહેદ દિનેશભાઈને આરોપી નં.૧ નાએ તમો ગાદી કેમ અલગ કરવા દેતા નથી તેમ કહી ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને લાકડી મારી ઈજા કરી તેમજ આરોપી નં.ર નાએ સાહેદોને ફોન કરી તમે મહારાજ સાથે કેમ ફરો છો તમારા પણ હાથ પગ તોડી નાખીશુ અને તમારા પણ હાથ પગ તોડી નાખીશુ અને તમને પણ માર પડશે તેવી ધમકી આપી તેમજ આરોપી નં.૩ નાએ ફરીયાદીને જાહેરમા ન સંભળાય તેવી બીભત્સ ગાળો હાથ પગ તોડી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૩૫૧(૪), ૨૯૬,૩૫૨, ૫૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નીચે જણાવેલ કારણોસર મારા તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-: કા ર ણો :-**

(૯) **મુદ્દા નં. (૧) તથા (૨) :-**

પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર હોય, ફરીયાદ

પક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–૧૦ થી ફરીયાદી નટવરભાઈ કનુભાઈ અમલીયારને અદાલત રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે. સદર ફરીયાદીનો પુરાવો વંચાણે લેતાં મુખ્યત્વે રીતે એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આશરે એક વર્ષ અગાઉ મંદિર નજીક સવારના સમયે બનેલો. બનાવમા સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કઇ બનેલ નથી. મને ફરીયાદ બતાવવામા આવે છે. જે જોઇને હુ કહુ છુ કે જેમાં મારી સહી છે જે ને રજુ દાખલ આંક – ૧૦ આપવામાં આવે છે.

સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ જેમાં પણ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવતાં નથી.

સદરહું ફરીયાદીની આરોપીઓ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી થયેલ તે સીવાય બીજુ કઇ બનેલ નથી અને મને કોઇ લાકડીથી મારા મારેલ તેવુ કોઈ બનેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નથી છતા ખોટી ફરીયાદ આપી સોગંધ પર ખોટી જુબાની આપુ છુ.

(૧૦) હાલના કામે ફરીયાદી ધ્વારા વધુ કોઈ પુરાવો લેવા માંગતા નહી હોવાની આંક–૧૪ થી કલોઝીંગ પુરશીસ રજુ કરી રજુઆત કરવામાં આવેલ છે. સદર કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો રજુ થયેલ કોર્ટ રૂબરૂનો સોગં દ ઉપરનો પુરાવો ધ્યાને લેતા તેમજ તે સબંધે નામદાર સુપ્રિમ કોર્ટે ***2013(0) GLHEL- Hon'ble Supreme Court of India , Veer Singh V/s State Of U.P.*** ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન માનસહ ધ્યાને લઈ એ તો - *Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but - quality of their evidence which is important as there is no*

*requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Section 134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. (Vide: Vadivelu Thevar and Anr. V/s. State of Madras AIR 1957 SC 614; Kunju @ Balachandran V/s. State of Tamil Nadu AIR 2008 SC 1381; Bipin Kumar Mondal V/s. State of West Bengal AIR 2010 SC 3638; Mahesh and Another V/s. State of Madhya Pradesh (2011) 9 SCC 626; Prithipal Singh and ors. V/s. State of Punjab and anr. (2012) 1 SCC 10; Kishan Chand V/s. State of Haryana JT 2013 (1) SC 222 and Gulam Sarbar V/s. State of Bihar (Now Jharkhand) - 2013 (12) SCALE 504). (Para-17)* તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા *G.L.R.--2006(3), MOHAMMED SALIM IBRAHIM QURESHI AND ANR. Vs. STATE OF GUJARAT, Page-2385* ના કિસ્સામાં પેરા–૧૮.૧માં કરવામાં આવેલ અવલોકન માનસહ ધ્યાને લેવામાં આવે તો, *The law enshrined in Sec. 134 of the Evidence Act does not require any particular number of witnesses to prove a certain fact. Under Sec. 3, a fact will be presumed to have been proved when after considering the matter before it, the Court either believes it to exist or considers its existence to be so probable that a prudent man under the circumstances of a particular case believes that such fact existed. So in ordinary course of law, the facts to be proved, should be proved in a manner which on objective basis satisfies the Court as in case of an ordinary prudent man of the existence of fact. The underlying object of Sec. 134 is that it is not the number of witnesses nor the quantity of evidence adduced by the prosecution that counts, but it is the quality that counts. Further, the prosecution has always*

*discretion to give up examination of witnesses to avoid duplication of evidence. A Public Prosecutor may give up witnesses to avert proliferation of evidence which could save much time of the Court unless examination of such a witness would achieve some material use. If examination of a witness would only have helped in duplication of the same category of evidence as the other eye-witnesses, the Public Prosecutor cannot be blamed for adopting the course of not examining him. (Para 18.1),*

જે ચુકાદા સંદર્ભે હાલની કાર્યવાહી ધ્યાને લેવામાં આવે તો, રેકર્ડ પર ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં જણાવેલ તમામ સાક્ષીઓ તપાસવામાં આવે તો પણ, કાર્યવાહીના અંતિમ પરીણામમાં કોઈ ફેરફાર થતો ન હોઈ, બિન–જરૂરી રીતે સાક્ષી તપાસી, અદાલતનો કિંમતી સમય બગાડવાનું યોગ્ય જણાતું ન હોય, આંક–૧૪ ની કલોઝીંગ પુરસીસના આધારે વિશેષ સાક્ષીઓ તપાસવાનું ટાળેલ છે.

(૧૧) આમ, હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા, સમગ્ર રીતે ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી પોતાની સરતપાસમા બનાવ સબંધી હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ છે તેમજ બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં સામાન્ય બોલાચાલી થયેલ તે સીવાય બીજુ કઇ બનેલ નથી અને મને કોઇ લાકડીથી મારા મારેલ તેવુ કોઇ બનેલ નથી. જેથી ફરીયાદ પક્ષ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેમ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીઓએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવું અનુમાન થઈ શકે, આમ સદર કામના

આરોપીઓ સામે સીધો અને સ્પષ્ટ માનવાલાયક પુરાવાની ગેરહાજરી સબબ સદર આરોપીઓ સામે કોઈ ગુનો બનતો ન હોય,ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં તેમજ સદર કેસનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ નિ:શંકપણે પુરાવો રજુ કરી શકેલ નથી અને આક્ષેપિત ગુનાના તત્વો રેકર્ડ પર આવેલ નથી. જેથી ઉપર મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી નં.(૧) નરસીંગભાઈ કલજીભાઈ મકવણા (૨) જેમાલભાઈ બચુભાઈ મકવાણા(૩) હરસીંગભાઈ કલજીભાઈ મકવાણા, ત્રણેય રહે.દાંતીયા, તા.ઝાલોદનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧ (૧) અન્વયે, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૧૫(૨), ૩૫૧(૪), ૨૯૬,૩૫૨, ૫૪ મુજબનાં ગુનામાં પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧(એ) અન્વયે દરેક આરોપીઓએ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– ના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ :– ઝાલોદ

**( નેહારીકા રાઘવ )**
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ઝાલોદ
( જજ કોડ : – જી.જે.૦૧૩૮૪)